નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫

રાજયના અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને સ્વનિર્ભર મેડીકલ કોલેજ એમ.બી.બી.એસ.ના પ્રથમ સત્રની ટયુશન ભરવા માટે લોન આપવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૪/ન.બા-૫૬/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૨-૧૧-૨૦૧૪

**વંચાણે લીધા :-**

- આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૪/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૪/ન.બા.૫૬/ઘ

**ઠરાવ :-**

વંચાણે લીધેલ ઠરાવથી રાજયના આર્થિક નબળી સ્થિતિ ધરાવતા અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ના પ્રથમ વર્ષના પ્રથમ સત્રના ટયુશન ફી ભરી શકે તે માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન મારફત લોન આપવા માટેની યોજના અમલમાં મુકવાની રાજ્ય સરકારે ઠરાવેલ છે. જેને ઉક્ત ઠરાવથી વહિવટીઅને નાણાંકીય મંજુરી મળેલ છે. આ માટે રૂ.૬૨૫.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજનાની વિગતવાર શરતો અને બોલીઓ નક્કી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજનાની વિગતવાર શરતો અને બોલીઓ નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે :-

(૧) આદિજાતિના વિધાર્થીઓ માટે સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજની સ્વનિર્ભર કોલેજમાં એમ.બી.બી.એસ.ના પ્રથમ વર્ષના પ્રથમ સત્રની ફી ભરવામાં સહાયભૂત થવા માટે [illegible] માટે લોન મળવાપાત્ર થશે.

(૨) અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓએ સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજમાં પ્રવેશ મળેલ હોવાના આધાર તરીકે કેન્દ્રીય પ્રવેશ સમિતિનો પ્રવેશપત્ર રજુ કરેલ હોય તો તેમના

Scanned by CamScanner

એમ.બી.બી.એમ.ના પ્રથમ વર્ષના પ્રથમ સત્રની ટયુશન ફી ભરવાના હેતુસર ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર મારફત લોન મળવાપાત્ર થશે.

(૩) ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જનજાતિના વિધાર્થીને યોજનાનો લાભ મળવાપાત્ર થશે. અન્ય રાજ્યના અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૪) જેમની કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/- (અઢી લાખ)થી વધતી ન હોય તેવા અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. કન્યાઓ માટે આવકની મર્યાદા લાગુ પડશે નહી. લાભાર્થીઓ સક્ષમ અધિકારીનો આવકનો દાખલો રજુ કરવાનો રહેશે.

(૫) આ યોજનાનો લાભ ફક્ત અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને આપવામાં આવશે. લાભાર્થી વિધાર્થીએ સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) લાભાર્થી વિધાર્થીને રૂ.૨,૫૦,૦૦૦/- ની મર્યાદામાં લોન ચુકવવામાં આવશે.

(૭) લોન ઉપર વાર્ષિક ચાર (૪) ટકાના દરે વ્યાજ લેવામાં આવશે.

(૮) લાભાર્થી વિધાર્થીને મળનાર પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપની રકમમાંથી લોનની રકમ અને વ્યાજ સરભર કરવામાં આવશે. આ વસુલાતની જવાબદારી સંબંધિત તકેદારી અધિકારી, આદિજાતિ વિકાસની રહેશે. તકેદારી અધિકારીએ વસુલ કરેલ લોનની મુદ્દત અને વ્યાજની રકમ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમમાં જમા કરાવવાની રહેશે.

(૯) લાભાર્થીએ લોન માટેની અરજી જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિત તકેદારી અધિકારી, આદિજાતિ વિકાસને કરવાની રહેશે, અરજી પત્રક જે તે તકેદારી અધિકારી, આદિજાતિ વિકાસની કચેરીમાંથી મેળવી શકાશે.

(૧૦) અરજી મળ્યાની તારીખથી સાત દિવસમાં નિયત ચેકલિસ્ટ મુજબ તકેદારી અધિકારીએ અરજીની ચકાસણી કરીને અરજી મંજુર અથવા નામંજુર કરવાની રહેશે. અને મંજુર કરેલ અરજી જરૂરી દસ્તાવેજો સહિત અને સેલ્ફ ફાયનાન્સ કોલેજની વિગતો સહિતનો અહેવાલ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગરને મોકલી આપવાનો રહેશે. આ અહેવાલને આધારે નિગમ કેન્દ્રીય પ્રવેશ સમિતિને મંજુર થયેલ લોન જેટલી રકમનું ચુકવણુ કરશે.

(૧૧) અરજી સાથે (ક) અરજદારના પાસપોર્ટ સાઇઝના ફોટા(ખ) સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર (ગ) સક્ષમ અધિકારીનો આવકનો દાખલો (ઘ) કેન્દ્રીય પ્રવેશ સમિતિનો પ્રવેશપત્ર

Scanned by CamScanner

(ચ) પોતાના સંતાનને લોન આપવામાં આવે તો તેમને વાંધો નથી તે મતલબનો વાલીના સમંતિપત્ર (છ) રૂ.૨૦ના સ્ટેમ્પ પેપર ઉપર લાભાર્થીનું સોગંધનામુ (જ) શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર (ઝ) પોતાને મળનાર સ્કોલરશીપ સામે લોનની રકમ સરભર કરવામાં આવે તો તેને વાંધો નથી તે મતલબનો લાભાર્થીની કબુલાત.

(૧૨) આ યોજનાનું અમલીકરણ જીલ્લા કક્ષાએ તકેદારી, આદિજાતિ વિકાસે કરવાનું રહેશે.

(૧૩) ઉપર જણાવેલ શરતો ઉપરાંત સરકારશ્રીને યોગ્ય લાગે તેની અન્ય શરતો રાખી શકાશે.

(૧૪) આ યોજનાનો અમલ તા.૦૧/૦૬/૨૦૧૪ થી થશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ સરકારશ્રીની તા. ૨૯/૧૦/૨૦૧૪ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હરેશ દવે)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૨, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આદિજાતિ વિકાસ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

Scanned by CamScanner

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહિવટદારશ્રી, આદિજાતિ વિકાસ.
- સર્વે તકેદારી અધિકારીઓ, આદિજાતિ વિકાસ.
- સર્વે આશ્રમશાળા અધિકારીઓ, આદિજાતિ વિકાસ.
- મુખ્ય કારોબારી અધિકારી, ડી-સેગ, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવને વેબ સાઇટ ઉપર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner